# હેમોએન્સેફેલોગ્રાફી ન્યુરોફિડબૅક થેરપી પર એકદિવસીય વર્કશૉપનું આયોજન

નિષ્ણાત કાઉન્સેલિંગ ન્યુરો સાયકોથેરપિસ્ટ મેહુલકુમાર દવે સ્થાપિત અને સંચાલિત 'માઈન્ડ કેર ઍન્ડ મેનેજમેન્ટ એસોસિએટ્સ પ્રા.લિ.'ના મનોચિકિત્સકોની ટીમ માનસિક બીમારી માટે સારવાર આપે છે. કંપનીની બીજી વર્ષગાંઠ નિમિત્તે રવિવાર, સાતમી ફેબ્રુઆરીએ સાંતાક્રુઝમાં 'હેમોએન્સેફેલોગ્રાફી ન્યુરોફિડબૅક એઝ એવિડન્સ બેઝ્ડ થિરાપ્યુટિક ઈન્ટરવેન્શન' વિષય પર એકદિવસીય વર્કશૉપનું આયોજન કર્યું છે.

હેમોએન્સેફેલોગ્રાફી (એચઈજી) ન્યુરોફિડબૅક થેરપી, ૨૧મી સદીનું વિજ્ઞાન અને ટેક્નોલોજીનું અદ્ભુત સંયોજન છે. સરળ ભાષામાં સમજવું હોય તો આ ટેક્નોલોજીથી માનવીના મગજના ચેતાકોષો કેવી રીતે કામ કરે છે એનું ફિડબૅક કમ્પ્યુટર સ્ક્રીન પર જાણવા મળે. આ સાધન મગજની સામાન્ય બીમારી જેવી કે માથાનો દુઃખાવો, અનિદ્રા, માનસિક તાણ (સ્ટ્રેસ), વિસ્મૃતિ સમસ્યાથી લઈ ગંભીર બીમારીઓ-અટેન્શન ડેફિઝિટ હાયપર ડિસઑર્ડર (એડીએચડી), ઑટિઝમ સ્પેક્ટ્રમ ડિસઑર્ડર (એએસડી) જેવી બીમારીઓમાં સચોટ અને પુરાવા સાથે પરિણામ આપે છે. આ ન્યુરોફિડબૅક થેરપી ચાર વર્ષથી માંડી ૮૦ વર્ષ સુધીની વ્યક્તિને આપી શકાય છે. આ થેરપીમાં મસ્તિષ્કના આગળના ભાગ એટલે કે કપાળ ઉપર એક બેલ્ટ બાંધવામાં આવે છે. આ ભાગને પ્રી-ફ્રન્ટલ કૉર્ટેક્સ તરીકે ઓળખવામાં આવે છે. આ ભાગને મનુષ્યની મહત્ત્વની ક્ષમતાઓ-આયોજન, યાદશક્તિ, ભાષા, નિર્ણય અને અમલ શક્તિમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.



અમેરિકાના વિજ્ઞાનીઓ આ ટેક્નોલોજીના જન્મદાતા છે અને છેલ્લા ચાર દશકથી તે સારવાર માટે ઉપયોગમાં લેવાય છે. ભારતમાં 'માઈન્ડ કેર ઍન્ડ મેનેજમેન્ટ ટીમ' આ થેરપી માટે જાગૃતતા લાવવા કાર્યરત છે.

આ વર્કશૉપમાં સાયન હૉસ્પિટલના મનોવિકૃતિ વિભાગના વડા અને પ્રોફેસર ડૉ. નીલેશ શાહ, મુંબઈ યુનિવર્સિટીના અપ્લાઈડ સાયકોલોજી વિભાગનાં મદદનીશ પ્રોફેસર ડૉ. વિલ્બર ગોન્ઝાલ્વીસ, મેહુલકુમાર દવે અને ખ્યાતિ કાચેરિયા મુખ્ય વક્તા હશે. વધુ વિગત માટે ૯૮૧૯૭૦૪૯૪૩ નંબર અથવા www.mcarem.com પર સંપર્ક કરવો.

Scanned by CamScanner